# પાંચ સ્વરૂપની યાદના પચ્ચીસ મુદ્દાઓ

બ્ર.કુ. પ્રો. પ્રફુલ્લચંદ્ર શાહ (નડિયાદ)

વિશ્વ નાટકમાં બ્રાહ્મણ આત્માઓનો પાર્ટ ઓલ રાઉન્ડ છે. સૃષ્ટિચક્ર માં આદિ થી અંત સુધીનો પાર્ટ ભજવનારી આપણે સૌ વિશેષ આત્માઓ છીએ. આપણા આ ઓલ રાઉન્ડ પાર્ટમાં આપણે વિશેષરૂપે પાંચ સ્વરૂપો ધારણ કરીએ છીએ. આપણા આ પાંચ સ્વરૂપમાંના દરેક સ્વરૂપના પાર્ટનું આ શાશ્વત ડ્રામામાં વિશેષ મહત્વ છે. આ પાંચ સ્વરૂપોના પાર્ટના સંસ્કાર આ સંગમયુગમાં આપણે યોગાભ્યાસ દ્વારા ભરવાના છે, એટલે પાંચ સ્વરૂપોની યાદ આપણી યોગ સાધનાનો અતિ મહત્વનો અભ્યાસ છે. બાબાએ પણ અનેક મુરલીઓમાં આ અભ્યાસનું મહત્વ બતાવ્યું છે. સ્વયં બાપદાદાએ તેમની એક પધરામણી દરમ્યાન પાંચ સ્વરૂપની યાદની ડ્રીલનો વિશેષ અભ્યાસ કરાવ્યો છે. આપણને યોગાભ્યાસમાં તલ્લીન કરી દેતા અનેક રૂહાની ગીતોમાં નું એક ગીત પણ આપને પાંચ સ્વરૂપોની યાદ અપાવી જાય છે.

"આવો અનુભવ કરે, આત્મ દર્શન કરે,
અપને પાંચો સ્વરૂપોં કા ચિંતન કરે."

આપણા આ પાંચ સ્વરૂપ છે: (૧) બીજ સ્વરૂપ (૨) દેવતા સ્વરૂપ (૩) પૂજય સ્વરૂપ (૪) બ્રાહ્મણ સ્વરૂપ અને (૫) ફરિશ્તા સ્વરૂપ. આ પાંચ સ્વરૂપોની યાદ આપણે એક મિનિટમાં પણ કરી શકીએ છીએ અને ઈચ્છીએ તો એક કલાક કે તેથી વધુ સમય માટે પણ કરી શકીએ છીએ. દરેક યોગ અભ્યાસને આપણે સાર રૂપમાં કરતા હોઈએ છીએ, તો કેટલીક વાર તેના વિસ્તારમાં જઈ, તે અવસ્થામાં લાંબા સમય માટે સ્થિત થઈ, વિશેષ અનુભવ પણ કરતા હોઈએ છીએ. ઘણી મુરલીઓમાં બાબા એ સાર રૂપમાં તેમજ વિસ્તારના રૂપમાં યોગાભ્યાસનું મહત્વ બતાવ્યું છે. ૧૯૭૮ ની સાલની એક મુરલીમાં બાબાએ કહ્યું છે કે બાળકોએ એ ક્ષમતા પ્રાપ્ત કરી લેવી જોઈએ, જેથી કરીને એક સેકન્ડમાં સારમાં થી વિસ્તારમાં જઈ શકે તેમજ એક સેકન્ડમાં વિસ્તારમાં થી સારમાં આવી શકે.

આ સંદર્ભમાં, એક અમૃતવેલાના સમયે, પાંચ સ્વરૂપની યાદ વિષે મનન-ચિંતન ચાલતુ હતું, પાંચ-દશ મિનિટ માટે સાર રૂપમાં અભ્યાસ કરવો આપણા દરેક માટે સરળ છે પરંતુ પાંચ સ્વરૂપોની યાદનો વિસ્તાર કેટલો હોઈ શકે? કેવો હોઈ શકે? તે વિષે ચિંતન ચાલતું હતું. ચિંતન કરતા લાગ્યું કે પાંચ સ્વરૂપની યાદના તો અનેક મુદ્દાઓ છે. દરેક સ્વરૂપની સાથે અનેક મુદ્દાઓ સંકળાયેલા છે જેમકે દરેક સ્વરૂપની સાથે કોઈ ચોકક્સ સ્થળ, જેને આપણે ધામ કહીએ છીએ, સંકળાએલું છે અર્થાત્ પાંચ સ્વરૂપની સાથે પાંચ ધામ સંકળાયેલા છે. તેજ રીતે દરેક સ્વરૂપની સાથે સૃષ્ટિચક્રનો કોઈ ચોકક્સ કાળ સંકળાયેલો છે એટલે કે પાંચ સ્વરૂપોની સાથે પાંચ કાળ સંકળાયેલા છે. આગળ વિચારીએ તો પાંચ સ્વરૂપો સાથે આત્માની પાંચ ભિન્ન-